# કુંભ મેળાની ભીતરમાં ડોકિયું – વિપુલ એમ દેસાઈ

દર બાર વર્ષે લાખ્ખો હિંદુ લોકો ગંગા,યમુના અને સરસ્વતી નદીના પવિત્ર સંગમ ઉપર મહા કુંભ મેળાની ઉત્સાહભેર ઉજવણી કરે છે. અમૃત મેળવવીને અમૃતત્વ પ્રાપ્ત કરવા માટે દેવ અને દાનવો વચ્ચે થયેલી લડાઈમાં દેવોના થયેલા વિજયની ઉજવણી કરવા માટે આખા વિશ્વના બધા ધર્મોમાં આ હિન્દુઓનો મહાકુંભ મેળો સૌથી મોટો ગણવામાં આવે છે. જયારે એક ભગવાન કુંભમાં અમૃત લઈને જતા હતા ત્યારે અલ્હાબાદમાં એક અમૃતનું ટીપું ઢોળાઈ ગયું જેને લઈને આ જગ્યાને ખુબ જ પવિત્ર માનવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે મહાકુંભ મેળાના આ ખાસ પવિત્ર દિવસોમાં જો આ નદીઓના સંગમ ઉપર ડૂબકી મારવામાં આવે તો તેમના બધા પાપો ધોવાઈ જાય છે અને તેમને મોક્ષ મળે છે. લાખો સ્ત્રીઓ અને પુરુષોને અહિયા તમે ડૂબકી મારતા જોઈ શકો છો. તો વૈરાગીઓ,સાધુઓ અને નાગ બાવાઓ શરીરને ભસ્મ ચોળી ફક્ત ગલગોટાના હાર પહેરીને હર હર મહાદેવ કરીને ડૂબકી મારે છે.










સૌજન્ય: કેવિન ફ્રેયર, ફાઈલ – એ.પી.ફોટો

ઉપરના ફોટામાં આ મનુષ્ય અવતારમાંથી મુક્તિ મેળવીને નાગાબાવા તરીકે દીક્ષા લઈને ભગવાનની સેવામાં જોડાવા માટે પહેલા અવાહન અખાડાના શિષ્યો પોતાના ગુરુ જોડે દાઢી મૂછ મુંડાવીને નદીઓના પવિત્ર સંગમમાં ડૂબકી મારવા જઈ રહ્યા છે. આ સંસારની કોઇપણ માયાનું વળગણ નહીં હોવું જોઈએ, તે પણ ત્યાં સુધી કે કપડાનું પણ વળગણ ના હોવું જોઈએ એટલે જ નાગાબાવાઓ નગ્ન રહે છે. અગત્યની વાત તો એ છે કે નાગબાવા બનવાની દીક્ષા ફક્ત કુંભમેળામાં જ આપવામાં આવે છે ત્યાં સુધી નાગાબાવા બનનારાઓએ તપસ્યા કરવી પડે છે.




જુના અખાડાની નગ્નસાધવીઓ માટે ખાસ રહેવાની સગવડ કરવામાં આવી હતી

ઘણાને ખબર નહીં હોય કે ફક્ત પુરુષો જ નાગાબાવા નથી હોતા. સ્ત્રીઓ પણ નગ્નસાધવી હોય છે. પહેલા આ નગ્નસાધ્વીઓને નાગાબાવાઓના પુરુષોના રહેવાના સ્થાનમાં રહેવું પડતું હતું. આ કુંભ મેળામાં પહેલીવાર નગ્નસાધવીઓ માટે ખાસ સગવડો ઉભી કરવાની તેમની માંગણીઓનો સ્વીકાર કરીને એક અલાયદી જગ્યા ઉભી કરવામાં આવી હતી. આ ઓર્ડર નાગબાવાઓના મુખ્ય સંચાલકો દ્વારા કરવામાં આવ્યો હતો. જુના સંન્યાસી અખાડાની આ નગ્નસાધવીઓની મુખ્યગુરુ પણ અલગ નગ્નસાધવી જ હોય છે. તેમની ઓળખ પૂરી પાડતી ત્રિકોણાકારની ધજા હોય છે. નાગાબાવાઓની બધી જ બાબતો ખુબ જ ખાનગી હોય છે. જેના નીતિનિયમો અને ધાર્મિક ક્રિયાઓ ખુબ જ ખાનગી હોય છે અને જાહેર જનતાને તેની સુગંધ પણ આવવા દેતા નથી. ઘણા લોકો એવી શેખી મારે છે અને નાગબાવાઓની ધાર્મિક વિધિઓ પોતે જોઈ છે અને તે માટે લેખો પણ લખે છે. હકીકતમાં તો અસલી નાગાબાવાઓની ધાર્મિક વિધિ જોવા જવું એ તો વાઘના મોઢામાં માથું મુકવા જેવું છે. નાગાબાવાઓમાં પણ નકલી બાવાઓ હોય છે. જેનો સહારો લઈને આ લોકો પોતાનું તીકડમ ચલાવે છે. નાગાબાવા અને આ કુંભમેળાનો ઇતિહાસ ૧૦૦૦ વરસ જુનો છે.




ઉપરના ફોટામાં જે સ્ત્રી છે તે ફ્રેંચ સ્ત્રી કરીન લેયરીને છે. તેણે નગ્નસાધવી ગુરુ નક્કી કરીને સંગમગીરી નામ રાખીને દીક્ષા લીધી છે. આ નગ્ન સાધવીઓને અલગ ઓળખ આપવામાં આવી છે. તેમને માટે અલગ બાથરૂમ - સંડાસની વ્યવસ્થા કરવામાં આવી હતી. ત્યાં ચકલું પણ ફરકી નહીં શકે એવો પોલીસનો સખ્ત ચોકી પહેરો એમના નિવાસની આજુબાજુ ગોઠવવામાં આવ્યો હતો. નગ્નસાધ્વીઓની ગુરુ દિવ્યાગીરી એક ટ્રેન્ડ લેબોરેટરી ટેકનીશ્યન હતી. આ ૩૫ વરસની સાધ્વીએ મેડીકલ ટેકનીશ્યન માટે પોસ્ટ ગ્રેજ્યુએશન દિલ્હીની "ઇન્સ્ટિટયૂટ ઓફ પબ્લીક હાઈજીન" માંથી પૂરું કર્યું હતું અને ૨૦૦૪ માં દીક્ષા લીધી હતી. તેમના કહેવા મુજબ નાગબાવાઓ માટે આરાધ્ય દેવ દતાત્રેય ભગવાન છે તેમ અમે(નગ્નસાધ્વીઓ) અમારા આરાધ્ય દેવ તરીકે દતાત્રેય ભગવાનના માતૃશ્રી અનસુયામાને રાખવાનો વિચાર કરીએ છીએ. હાલમાં જ આ કુંભમેળામાં ફ્રાન્સની કરીન લેયરીને એક ખાનગી સમારંભમાં નગ્ન સાધ્વી તરીકેની દીક્ષા આપવામાં આવી હતી.

જુના સંન્યાસી અખાડાની મોટા ભાગની નગ્નસાધ્વીઓ નેપાળની હોય છે કારણ કે ત્યાં ખાસ કરીને ઉચ્ચ કુળની વિધવા સ્ત્રીઓને પુનર્લગ્ન કરવા પ્રોત્સાહીત નથી કરવામાં આવતી. આવી મોટા ભાગની વિધવાઓ પિતાને ઘરે જવા કરતાં સન્યાસ લેવાનું વધારે પસંદ કરે છે. નગ્નસાધ્વીઓને નાગાબાવાઓની જેમ જાહેરમાં નગ્ન રહેવાનો હક્ક હોવા છતાં તેમને આવું કરવાનું ના કહેવામાં આવે છે. પ્રહલાદગીરી નામની ૭૦ વરસની નગ્નસાધવીના કહેવા મુજબ તેણે બ્રહ્માગીરી નામની એક જ નગ્ન સાધવી જોઈ છે કે જે હુકમની અવજ્ઞા કરીને હંમેશા દરેક જગ્યાએ નગ્ન હાલતમાં જ રહેતી હતી અને પોતાની બાજુમાં બે ચાંદીની તલવારો રાખતી હતી. બ્રહ્માગીરીના અવસાન પછી કોઈપણ નગ્નસાધ્વીને કુંભમેળા જેવા પવિત્ર સંગમ સ્થાનમાં આ રીતે રહેવાની છૂટ નથી આપવામાં આવતી.







રોટલી વણ્યા પછી તેના ઉપર આ રીતના સ્ટેમ્પ મારવામાં આવ્યા હતા

આ કુંભમેળામાં જુદી જુદી કંપનીઓ તરફથી પોતાના માલનું વેચાણ વધારવા માટે જાત જાતની તરકીબો કરવામાં આવી હતી. એમાં પણ યુનીલીવર કંપનીની "લાઈફબોય"ની જાહેરખબર ખુબ જ અનોખી હતી. યુંનીલીવરની જાહેરાત કરતી કંપનીએ કુંભ મેળાની આજુબાજુના ૧૦૦ ધાબાઓવાળા જોડે કોન્ટ્રાક્ટ કર્યો હતો. જેમણે ઉપરના ફોટામાં બતાવેલી "લાઈફ બોય"ની જાહેરાત કરતી લગભગ ૨૫ લાખ રોટીઓ વેચી હતી. "તમે તમારા હાથ લાઈફબોયથી ધોયા?" આવો સંદેશો તેમણે ૨૫ લાખ રોટલીઓપર છાપ્યો હતો. આ રીતે આ જાહેરાત "સસ્તું ભાડું અને સિદ્ધપુરની યાત્રા" જેવી રહી હતી.



રોટલીઓ ઉપર સ્ટેમ્પ મારવા આ જાતની ડાઈઓ બનાવી તેને ગરમ કરીને રોટલી ઉપર દબાણથી છાપ મારવામાં આવતી હતી.

યુંનીલીવરની જાહેરખબર કરતી કંપની ઓગવીના ૩૪ વરસના યુવાન ક્રિએટીવ ડાયરેક્ટર વિપુલ સાળવીનું ભેજું આ જાહેરખબર માટે કારણભૂત છે. આ જાહેર ખબરે બીજી બધી કંપનીના છક્કા છોડાવી દીધા હતા. આ માટે વિપુલ સાળવીની ટીમે આંઠ મહિના સુધી લગભગ ૨૦૦ જાહેરાતો બનાવી અને એમની આખરી પસંદ આ રોટીવાળી જાહેરખબર હતી.





આધ્યાત્મિકતાની પ્યાસ બુઝાવતો આ કુંભ મેળો લગભગ ૫૯૧૨ એકરમાં પથરાયેલો હતો. લોકો પોતાના ટેમ્પોમાં કે પછી ત્રણ પૈડાના સાધનોમાં કે પછી ચાલતા પોતાના વાસણ-કુસણ, કેરોસીનથી ચાલતા સ્ટવ અને સીધું સામાન લઈને હોંશભેર કુંભમેળામાં ડૂબકી મારવા નીકળી પડ્યા હતા. જેમને સરકાર દ્વારા રાહતભાવે આપવામાં આવતા ટેન્ટ પોષાતા ન હતા તેમણે પોતાના નાનકડા તંબુ કે ખુલ્લા આકાશ નીચે જમાવી દીધું. તો ત્યાં ખાનગી ગેસ્ટ હાઉસના ભાવ એક રાત્રીના ૧૧૦૦૦(અગિયાર હજાર) રૂપીયા સુધી પણ હતા.

રોડની આજુબાજુ નાની નાની કરીયાણાની દુકાનો ઉપરાંત મોટી મોટી કંપનીઓ વેનમાં ચા થી માંડીને બેંકની લોન માટે પોતાના લીફલેટ સાથે જાહેરાત કરતી હતી. અહિયા ભારતભરમાંથી વિવિધ જાતના, વિવિધ રાજ્યોના, વિવિધ વેશ પરિધાન કરીને લોકોનો સમૂહ આનંદમાં તરબોળ થઈને મહાલતો હતો. આવી સુંદર દ્રશ્ય દુનિયાના કોઈપણ ખૂણામાં જોવા નહીં મળે. અહી સંસ્કાર અને સંસ્કૃતિનો સંગમ હતો. વિશ્વના કોઇપણ દેશ માટે આવું આયોજન આટલા ઓછા ખર્ચામાં કરવું અશક્ય છે. એક સેલ્સમેનના જણાવ્યા પ્રમાણે હોર્લિક્સ જેવી કંપનીનું રોજનું વેચાણ દસથી પંદર હજાર રૂપીયાનું હતું. કોકા કોલાના ૧૬ સ્ટોલ હતા જેનું રોજનું વેચાણ ૧૮૦૦૦ રૂપીયાનું હતું. ૨૬ મી જાન્યુઆરીએ તો દરેક અખાડાના સાધુઓએ “ભારત માતાકી જય”ના નારાથી ગગન ગજવી નાખ્યું હતું અને એમાં પબ્લીકના અવાજે રોનક ઔર વધારી દીધી હતી. આ મેળામાં એવા સાધુઓ પણ હતા કે જે બાર બાર વરસથી ઉભા ઉભા તપશ્ચર્યા કરતાં હતા તો ઘણા એક હાથ હવામાં અધ્ધર કરીને ઉભા હતા.